# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-07-2025** **EVENING: 7.50 TO 8.00 PM**

**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1) કર કપાત અને કર મુક્તિનાં ખોટા દાવા સામે આવક વેરા વિભાગની દેશવ્યાપી કાર્યવાહી
2) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા અને એક્સિઓમ-4 મિશનના ચાલક દળનાં અન્ય ત્રણ સભ્યોની પૃથ્વી પર ફરવાની યાત્રા શરૂ
3) વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે ભારત-ચીન સંબંધો ધીમે ધીમે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે.
4) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ હરિયાણા અને ગોવામાં નવા રાજ્યપાલો અને લદ્દાખમાં નવા ઉપરાજ્યપાલની નિમણૂક કરી
5) શેરબજાર સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટી સતત ચોથા દિવસે ઘટાડા સાથે બંધ રહ્યા
6) ક્રિકેટમાં, ઇંગલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં જીતવા 193 રનનાં લક્ષ્ય સામે ભારતનાં 9 વિકેટે 147 રન

.........................................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# INCOME TAX – VERIFICATION

આવકવેરા વિભાગે દેશમાં અનેક સ્થળો પર મોટા પાયે ખરાઇ અભિયાન શરૂ કરીને આવકવેરા રિટર્નમાં કરકપાત અને કરમુક્તિનાં ખોટા દાવા કરનાર વ્યક્તિઓ અને એકમોને લક્ષ્ય બનાવ્યાં છે.

તપાસ દરમિયાન અધિકારીઓને ખોટી કરકપાત અને કરમુક્તિનો દાવો કરીને રિટર્ન ભરનારાંઓ દ્વારા સંગઠિત રીતે કૌભાંડ ચાલતુ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. વિભાગે જણાવ્યું કે, આવકવેરાની લાભદાયક જોગવાઇઓને ટાંકીને વધુ પડતાં રિફન્ડનો દાવો કરવા ખોટાં ટીડીએસ રિટર્ન ભરવામાં આવી રહ્યા છે.

આ શંકાસ્પદ પધ્ધતિ શોધવા આવકવેરા વિભાગે થર્ડ પાર્ટી, ગુપ્તચર માહિતી અને આધુનિક કૃત્રિમ બુધ્ધિમત્તા સાધનો દ્વારા મળેલી આર્થિક વિગતો પર આધાર રાખ્યો છે. આ તારણો બાદ તાજેતરમાં ગુજરાત, મહારાષ્ટ્ર દિલ્હી, પંજાબ અને મધ્યપ્રદેશમાં હાથ ધરવામાં આવેલા શોધ અને જપ્તી અભિયાન દરમિયાન આ કૌભાંડની પુષ્ટિ થઈ છે.

છેલ્લાં એક વર્ષમાં વિભાગે શંકાસ્પદ કરદાતાઓને તેમનાં રિટર્ન સુધારીને ભરવા અને સાચો ટેક્સ ભરવા નિર્દેશ આપ્યા છે.

. . . . . .

# AXIOM-4 RETURN

ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા અને એક્સિઓમ- 4 મિશનના ચાલક દળનાં અન્ય ત્રણ સભ્યોની પરત ફરવાની યાત્રા આજે સાંજે શરૂ થઈ છે. સ્પેસએક્સ કંપનીએ સોશિયલ મિડિયા પ્લેટફોર્મ x પર પુષ્ટિ કરી હતી કે અવકાશયાન ડ્રેગન આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી અલગ થઈ ગયું છે.

અવકાશયાન કેટલાંક તબક્કા બાદ પૃથ્વીના વાતાવરણમાં ફરી પ્રવેશ કરશે અને લગભગ 22.5 કલાકની મુસાફરી બાદ આવતીકાલે ભારતીય સમય પ્રમાણે બપોરે ત્રણ કલાકે કેલિફોર્નિયાના દરિયાકાંઠે ઉતરાણ કરશે. ઉતરાણ પછી , ગ્રુપ કેપ્ટન શુક્લા ચાલક દળના અન્ય સભ્યો સાથે , પૃથ્વીના ગુરુત્વાકર્ષણ સાથે અનુકૂલન સાધવા માટે ફ્લાઇટ સર્જનની દેખરેખ હેઠળ 7-દિવસીય પુનર્વસન કાર્યક્રમમાંથી પસાર થશે.

ગ્રુપ કેપ્ટન શુક્લા આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશનના 14 દિવસના મિશન પર છે. તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથકની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અને 1984માં અવકાશમાં ગયેલા વિંગ કમાન્ડર રાકેશ શર્મા પછી બીજા ભારતીય અવકાશયાત્રી બન્યા છે. શુભાંશુ શુક્લાનાં પિતા શંભુ શુક્લાએ પુત્રનાં આગમનની રાહ જોતાં પ્રતિક્રિયા આપી.

(બાઈટ – શંભુ શુક્લા, પિતા)

. . . . . . . . .

# JAISHANKAR-WANG YI MEET

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે ભારત-ચીન સંબંધો ધીમે ધીમે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છે. બેઇજિંગમાં તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથેની બેઠક દરમિયાન પ્રારંભિક ટિપ્પણી કરતા ડૉ. જયશંકરે કહ્યું કે બંને દેશોએ છેલ્લા નવ મહિનામાં દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવાની દિશામાં સારી પ્રગતિ કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રગતિ સરહદ પર ઘર્ષણને ઉકેલવા અને સુલેહ-શાંતિ જાળવવાની ક્ષમતાનું પરિણામ છે. ડૉ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ પ્રગતિથી પરસ્પર વ્યૂહાત્મક વિશ્વાસ અને દ્વિપક્ષીય સંબંધોના સરળ વિકાસનો આધાર બન્યો છે. તેમણે ઉમેર્યું હતું કે , હવે બંને પક્ષોની ફરજ છે કે તેઓ તંગદિલી ઘટાડવા સહિત સરહદ સંબંધિત અન્ય પાસાઓ પર ધ્યાન આપે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, ભારત અને ચીન વચ્ચેના સ્થિર અને રચનાત્મક સંબંધોથી માત્ર આ બંને દેશોને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને લાભ થશે. ડૉ. જયશંકરે ઉલ્લેખ કર્યો કે આ વર્ષે બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધોની સ્થાપનાની 75મી વર્ષગાંઠ છે. તેમણે પાંચ વર્ષના ગાળા બાદ પછી કૈલાશ માનસરોવર યાત્રા શરૂ કરવા બદલ ચીનની પ્રશંસા કરી હતી.

. . . . . .

# AMIT SHAH-VIKAS PARISHAD

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે સરકારે વર્ષ 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું વિઝન નક્કી કર્યું છે.

નવી દિલ્હીમાં ભારત વિકાસ પરિષદના 63મા સ્થાપના દિવસના કાર્યક્રમમાં તેમણે કહ્યું કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને દેશના સમૃદ્ધ વારસા પર ગર્વ કરવા અને ફરજની ભાવના ઊભી કરવા વિનંતી કરી છે.

રાષ્ટ્ર નિર્માણમાં ભારત વિકાસ પરિષદની ભૂમિકાની પ્રશંસા કરતા શાહે કહ્યું કે, જ્યારે દેશની આઝાદીની શતાબ્દી ઉજવવામાં આવશે , ત્યારે પણ રાષ્ટ્રના વિકાસમાં ભારત વિકાસ પરિષદનું યોગદાન ચાલુ હશે.

. . . . . . .

# AIIA-CONFERENCE

આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે આજે જણાવ્યું હતું કે સમગ્ર વિશ્વ હવે આયુર્વેદના વૈજ્ઞાનિક આધાર , ઉપયોગિતા અને વિશાળ ક્ષમતાને સમજી રહ્યું છે અને અપનાવી રહ્યું છે. શ્રી જાધવે નવી દિલ્હીમાં અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા દ્વારા આયોજિત 'શલ્યકોન 2025'ના ઉદ્ઘાટન કાર્યક્રમ દરમિયાન આ ટિપ્પણી કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે , આયુષ મંત્રાલય આયુર્વેદ અને શસ્ત્રક્રિયાની પદ્ધતિઓના સતત વિકાસ માટે તેમજ તેમને વૈશ્વિક માન્યતા પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે.

**(BYTE-PRATRAO JADHAV)**

શલ્યકોન 2025 એ શલ્ય તંત્ર પર ત્રણ દિવસીય રાષ્ટ્રીય પરિષદ છે. ગઈકાલે શરૂ થયેલા આ કાર્યક્રમનું આયોજન શસ્ત્રક્રિયાના પ્રણેતા આચાર્ય સુશ્રુત સુશ્રુત જયંતીની ઉજવણી પ્રસંગે કરવામાં આવ્યું છે.

આ સેમિનારમાં સામાન્ય શસ્ત્રક્રિયાઓ , એનોરેક્ટલ શસ્ત્રક્રિયાઓ અને યુરોસર્જિકલ કેસો સહિત જીવંત શસ્ત્રક્રિયાના પ્રદર્શનો દર્શાવવામાં આવ્યા છે.

. . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------------------------

# PREZ- GOVERNOR APPOINTMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે હરિયાણા અને ગોવામાં નવા રાજ્યપાલો અને લદ્દાખમાં નવા ઉપરાજ્યપાલની નિમણૂક કરી હતી. ભૂતપૂર્વ નાગરિક ઉડ્ડયન મંત્રી પુસાપતિ અશોક ગજપતિ રાજુને ગોવાના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે જ્યારે પ્રો. અસીમ કુમાર ઘોષ હરિયાણાના રાજ્યપાલ હશે. કવિંદર ગુપ્તાને લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિએ લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર બ્રિગેડિયર નિવૃત્ત ડૉ. બી. ડી. મિશ્રાનું રાજીનામું પણ સ્વીકારી લીધું હતું.

. . . . . . . .

# BHUBANESWAR- PREZ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બપોરે તેમનાં ગૃહ રાજ્ય ઓડિશાના બે દિવસના પ્રવાસે ભુવનેશ્વર પહોંચ્યા હતા.

રાષ્ટ્રપતિએ ભુવનેશ્વરની ઓલ ઈન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS)ના પાંચમાં દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. રાષ્ટ્રપતિ મુર્મુ 31 વિદ્યાર્થીઓને 59 સુવર્ણ ચંદ્રકો અને 643 આરોગ્ય વ્યાવસાયિકોને ડિગ્રી એનાયત કર્યાં હતાં.

રાષ્ટ્રપતિ આવતીકાલે રેવેનશો યુનિવર્સિટીના 13મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે અને કટક ખાતે રેવેનશો કન્યાશાળા ના ત્રણ ઇમારતોના પુનર્વિકાસ માટે શિલાન્યાસ કરશે. રાષ્ટ્રપતિ 15મી સદીમાં જન્મેલા મહાન ઓડિયા કવિ અને વિદ્વાન આદિકબી સરલા દાસની જન્મજયંતિ ઉજવણીમાં હાજરી આપશે અને કટક ખાતે 2024 માટેનાં કલિંગ રત્ન પુરસ્કાર અર્પણ કરશે.

. . . . . .

# SAROJA DEVI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રખ્યાત અભિનેત્રી બી. સરોજા દેવીના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે બી. સરોજા દેવીને ભારતીય સિનેમા અને સંસ્કૃતિના અનુકરણીય પ્રતીક તરીકે યાદ કરવામાં આવશે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે , સરોજાદેવીનાં વૈવિધ્યસભર પ્રદર્શનોએ અનેક પેઢીઓ પર અમિટ છાપ છોડી છે. શ્રી મોદીએ ઉમેર્યું હતું કે , વિવિધ ભાષાઓમાં ફેલાયેલી અને વિવિધ વિષયોને આવરી લેતી સરોજા દેવીની કૃતિઓ તેમની બહુમુખી પ્રતિભાને દર્શાવે છે.

. . . . . . . . .

# STOCK MARKET

સ્થાનિક શેરબજાર સૂચકાંક આજે સપ્તાહના પ્રથમ દિવસે નકારાત્મક ખુલ્યા હતા. સેન્સેક્સ અને નિફ્ટી સતત ચોથા દિવસે ઘટાડા સાથે બંધ રહ્યા હતા. પ્રથમ ત્રિમાસિક ગાળાના નબળા નાણાકીય પરિણામ અને વૈશ્વિક વેપાર જકાત અંગે ચિંતાને પગલે શેરબજારમાં નરમાઇ જોવા મળી હતી. બીએસઇ સેન્સેક્સ 247 પોઇન્ટ ઘટીને 82 હજાર 253 અને એનએસઇ નિફ્ટી-ફિફ્ટી 68 પોઇન્ટ ઘટીને 25 હજાર 82 પર બંધ રહ્યો હતો.

. . . . . . . . .

# CPI DOWN

ગ્રાહક ભાવ સૂચકાંક- CPI મે મહિનાના 2.82 ટકાની સરખામણીમાં જૂન મહિનામાં ઘટીને 2.10 ટકા થયો હતો એમ આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે. જાન્યુઆરી , 2019 બાદ વર્ષ પ્રતિ વર્ષ ફુગાવાનાં ધોરણે આ સૌથી નીચો ફુગાવો છે.

ખાધ ફુગાવામાં જૂન , 2025માં જૂન , 2024ની સરખામણીમાં 205 બેસિસ પોઇન્ટનો નોંધપાત્ર ઘટાડો થયો છે. શાકભાજી , કઠોળ, માંસ, માછલી, ધાન્ય, ખાંડ, દૂધ અને મસાલાનાં ભાવમાં ઘટાડાને કારણે ફુગાવો ઘટ્યો છે

.........

# WPI INFLATION

જથ્થાબંધ ભાવ સૂચકાંક- WPI જૂન મહિનામાં ઘટીને -0.13 ટકાની 21 મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો છે. ખાદ્ય ચીજો , મિનરલ ઓઇલ , પાયાની ધાતુઓ, ક્રુડ પેટ્રોલિયમ અને કુદરતી વાયુનાં ભાવમાં ઘટાડાને કારણે ફુગાવો ઘટ્યો છે એમ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા ડેટામાં જણાવાયું છે. ચાલુ વર્ષનાં માર્ચ મહિનાથી ડબલ્યુપીઆઇ આધારિત ફુગાવો સતત ઘટી રહ્યો છે અને મે મહિનામાં 0.39 ટકાની 14 મહિનાની નીચી સપાટીએ હતો.

ડબલ્યુપીઆઇ જથ્થાબંધ ભાવમાં ફેરફાર સૂચવે છે , જ્યારે સીપીઆઇ ગ્રાહક સ્તરનાં ભાવમાં વધઘટ સૂચવે છે.

.....

# CRICKET

ક્રિકેટમાં, ઇંગલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટનાં પાંચમાં અને અંતિમ દિવસે 193 રનનાં લક્ષ્ય સામે છેલ્લાં અહેવાલ પ્રમાણે ભારતે 9 વિકેટે 147 રન કર્યા છે. ભારતને ટેસ્ટ જીતવા 46 રનની જરૂર છે.

ગઈ કાલે ચોથા દિવસે ઇંગલેન્ડ 192 રનમાં ઓલ આઉટ થતાં ભારતને જીત માટે 193 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. પાંચ મેચોની શ્રેણી હાલ 1-1ની બરાબરી પર છે.

. . . . . . . . .